૪

# ની પાછળ


H3U3P5

## ચાલો, ગાઈએ ગીતડું :

જૂતાજીના દાક્તર,
માપો જરાક નાડી.
બીમાર મારું ચંપલ
દવા કરોને સારી.
મને ડંખે વારેવારે,
તેની ટેવ નઠારી.
'થેંક યુ' કહીશ તમને,
આપો તમે સુધારી.

## જૂથકાર્ય :

નીચેની ડિઝાઈન જુઓ અને અલગ-અલગ ડિઝાઈન બનાવો. તમને ગમતી સૌથી સારી ડિઝાઈન રાખી મૂકો. વર્ગમાં ફરીને બધા જૂથની ડિઝાઈન જુઓ. બીજા જૂથે બનાવેલી કોઈ એક ડિઝાઈન ફરીથી બનાવો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

૧. તમારા પુસ્તકનો આકાર કેવો છે?

૨. પુસ્તકો વડે શું-શું બનાવી શકાય?

૩. તમારા જૂથે પુસ્તકોમાંથી શું બનાવ્યું? કેવી રીતે?


## વર્ગમાં શીખો અને ઘરે જઈને બનાવો :

વૉટર કલરવાળા પાણીમાં દોરો પલાળો. એક કોરા પાનામાં દોરો આડો-અવળો ગોઠવો. દોરાનો એક છેડો બહાર રાખી પાનાને વચ્ચેથી અડધું વાળી દો. કાગળ પર થોડો ભાર દઈને હાથ રાખો. પછી દોરાનો બહાર રાખેલો છેડો ધીમે ધીમે ખેંચીને આખો દોરો ખેંચી લો. જે ડિઝાઈન બની તેમાં તમને શું-શું દેખાય છે? તે સૌને કહો.


## આકૃતિ બનાવો અને તેના આધારે જવાબ લખો :

આ પ્રવૃત્તિ કરાવતાં પહેલાં ઘરેથી ૪૦ દીવાસળી લાવવાનું આગળના દિવસે કહેવું.

(૧)



(૨)



૧. પહેલી આકૃતિમાં કેટલી દીવાસળીની જરૂર પડી? ______

૨. પહેલી આકૃતિમાં કેટલા ત્રિકોણ છે? ______

૩. બીજી આકૃતિમાં કેટલી દીવાસળીની જરૂર પડી? ______



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. બીજી આકૃતિમાં કેટલા ચોરસ બનેલા છે? ______

૫. આકૃતિ (૧) કરતાં આકૃતિ (૨) માં કેટલી ઓછી દીવાસળીની જરૂર પડી? ______

## શબ્દચિત્ર ઓળખો, શબ્દ લખો :



૧. ______ ૨. ______ ૩. ______

૪. ______ ૫. ______ ૬. ______

૭. ______ ૮. ______ ૯. ______



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● **ચાલો, ગાઈએ ગીતડું : જૂતાજીના દાકતર....**

**વાક્યચિત્ર વાંચો અને વાક્યોનું અનુલેખન કરો :**

૧.

દૂધ મને શક્તિ આપે છે.

દૂધ પીઓ, સ્વસ્થ રહો.

દૂધ પીવું ગમે છે.

આ મારો કપ છે.

મને ઇલાયચીવાળું દૂધ ભાવે છે.

શક્તિદાયક દૂધ

૨.

મમ્મીનું ઘર - પપ્પાનું ઘર

નાનાં-મોટાં સૌ બધાનું ઘર.

ઘર ટાઢ, તડકા અને વરસાદ સામે રક્ષણ આપે.

ઘરમાં પરિવારના બધા સભ્યો રહે.

મારા ઘરમાં એક મોટી અને ખુલ્લી બારી છે.

દોસ્ત અને મહેમાનોને અમારા ઘરે આવવું ગમે.

મને ખૂબ ગમે છે.

રમવાનું, જમવાનું, વ્હાલ કરવાની જગ્યા, વ્હાલું મારું ઘર.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ખોટા શબ્દ પર ☐ કરો.

૧. જ્યોર્જ **કાળગ/કાગળ** વડે રંગબેરંગી વિમાન બનાવે.
૨. દાદા **રકાબીમાં/રબાકીમાં** કૉફી પીવે.
૩. **પેન્સિલથી/પેસ્નિલથી** લખેલું ભૂંસી શકાય છે.
૪. મેઘાએ લાલ **રંગના/રગના** ફુગ્ગા ફુલાવ્યા.
૫. **અગજર/અજગર** ઝાડને વીંટળાઈ ગયો.
૬. વાળ કાપવા **વાળંદ/વાણંદ** પાસે જવું પડે.
૭. જગદીશ નમૂના **પ્રમાણે/પ્રણામે** કાગળનો પંખો **બનાવે/બવાને** છે.
૮. **છશ્વાસોછશ્વાસ/શ્વાસોચ્છ્વાસ** બોલવામાં **તકલીફ/તફલીક** પડે છે.
૯. અહીં **અલગ/અગલ** રંગના કાગળના ટુકડા **ચોંડાટો/ચોંટાડો.**
૧૦. **જબેલી/જલેબી** સાથે **ફાફડા/ફાડફા** ખવાય.
૧૧. મેં **ગરમાગમર/ગરમાગરમ દધૂ/દૂધ** પીધું.

## જુઓ, શીખો, બનાવો કહો :

**વર્ગખંડમાં અંધારું કરી ટૉર્ચ વડે ડસ્ટર, હાથ, આંગળા, પુસ્તક, ચોકની મદદથી પડછાયા બતાવો.**



- **તમારાં મમ્મી-પપ્પા તેમજ બીજા વડીલોની મદદથી ઘરે આવા પડછાયા બનાવો, વર્ગમાં તેના વિશે વાત કરો.**




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

◯ ગીત :

## આંગળાંનો જાદુ

આંગળાંનો જાદુ મારા આંગળાંનો જાદુ



મારા આંગળાંમાંથી બે હરણ બની જાય;
ઊંચા કાન કરીને એ તો ઠેકડા મારતાં જાય.



મારા આંગળાંમાંથી પતંગિયું બની જાય;
ઊડતું જઈને ફૂલ પર બેસે એ પણ ફૂલ થઈ જાય.



મારા આંગળાંમાંથી માછલી બની જાય;
પાણીમાં એ સરસર તરતી ઉપર નીચે થાય.



આંગળાંથી પેન્સિલ પકડું ચિત્રો સરસ દોરાય;
આંગળાંથી પીંછી પકડું રંગો નવા ભરાય.



ક્યારેક મારી આંગળી આ તોફાની થઈ જાય;
કાનમાં જઈને ખણખણ કરતી આવું ન કરાય.

– પ્રકાશ પરમાર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કહો :

૧. તમને આંગળાંનો કયો જાદુ સૌથી વધુ ગમ્યો? ફરીથી કરી જુઓ.

૨. તમને બીજીવાર ગાવાનું મન થાય તેવી પંક્તિ નીચે એક લીટી કરો.

૩. ગીતની જે લીટી/પંક્તિ તમને યાદ હોય તે સૌને સંભળાવો.

૪. આંગળાની મદદથી તમે બીજાં કયાં-કયાં કામ કરી શકો?

- આંગળાંની મદદથી જે કામ ન થાય તેની પર X કરો.

| | | | | |
|---|---|---|---|---|
| લખવું | રડવું | ટીંગાડવું | દોરવું | ફૂલ ચૂંટવાં |
| ગાવું | જમવું | હસવું | પીવું | જોવું |
| પકડવું | ચપટી વગાડવી | ચોંટાડવું | તાળી પાડવી | ચીંધવું (બતાવવું) |

## શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો અને લખો.

૧. ફરવા ગયાં/અમે/ટ્રેનમાં બેસીને

૨. હોશિયાર છે/અને નમ્રતા/વિક્રમ

૩. ફૂલ પર/બેસે છે/પતંગિયું

૪. બસ ચલાવીને/પાવાગઢ ગયા/ડ્રાઈવર

૫. હરણ ઠેકડા/ઊંચા કાન કરીને/મારે છે

૬. રાજા હતો/મગધનો/અશોક

૭. ગુલાબી ફ્રોક/પહેર્યું છે/ઢીંગલીએ

૮. બને છે/મારા આંગળાંમાંથી/પાણીમાં તરતી માછલી

૯. લીંબુ શરબત પીધું/સ્ટ્રોથી/કાગડાએ

૧૦. કરે છે/પરાક્રમો/છોટાભીમ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઓળખો :

**ટ્ર પર ◯ કરો.**

ટ્રેન રાષ્ટ્ર ટ્રીનટ્રીન ઈલેક્ટ્રોનિક

**ડ્ર પર ◯ કરો :**

ડ્રેસ ડ્રમ એડ્રેસ ડ્રાઈવર ડ્રાઉં - ડ્રાઉં


**ક્ર પર ◯ કરો :**


ક્રમ ક્રિયા વિક્રમ પરાક્રમ આક્રંદ

**મ્ર પર ◯ કરો :**

સમ્રાટ નમ્રતા ધૂમ્રશેર આમ્રપાલી તામ્રપત્ર

લખો :







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in






● **ચાલો, ગાઈએ ગીતડું :** જૂતાજીના દાકતર...

⬡ **જુઓ, વાંચો :**

## કૂતરો અને સસલું










Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


















Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in







**કહો :**

૧. ચિત્ર-૫ જોઈને તમને શો વિચાર આવ્યો?

૨. વાર્તાનું કયું વાક્ય તમને યાદ રહી ગયું? કેમ?

૩. તમારી પાછળ કૂતરું દોડે તો તમે ખૂબ વધારે ઝડપથી દોડી શકો? કેમ?

૪. તમે દોડીને જતાં હોય, થોડા થાકી જાવ; પણ તમારી પાછળ કૂતરું દોડે તો તમે શું કરો?

**સાચા વિકલ્પ સામે ✓ કરો :**

૧. ફાસ્ટુ સસલું બહુ ઝડપથી દોડતું હતું.

☐ ઍક્સપ્રેસ ડોગીથી બચવા ☐ હંટ્રીક શિકારીથી બચવા

૨. આટલું નાનું સરખું સસલુંય તમે પકડી ન શક્યા!-એટલે કે

☐ ફાસ્ટુ સસલું જીવ બચાવવા ઝડપથી દોડતું હતું.

☐ ફાસ્ટુ સસલું પકડવાની ઍક્સપ્રેસ ડોગીની ઈચ્છા નહોતી.

૩. આ ચિત્રવાર્તામાં જીવ બચાવવાની કોને સૌથી વધુ જરૂર હતી?

☐ ઍક્સપ્રેસ ડોગીને ☐ ફાસ્ટુ સસલાને

**કૌંસમાં આપેલા શબ્દોને યોગ્ય સ્થાને મૂકો. ફકરાને મોટેથી વાંચો :**

(ઝડપ, દોડતાં દોડતાં, પાછળ, તેથી, બહાર, નીચે, શિકાર)

હંટ્રીક શિકારી જંગલમાં ________ કરવા ગયો. થાકી જવાથી બપોરના તાપમાં તે ઝાડ ________ બેઠો હતો. તેણે થોડેક દૂર ઍક્સપ્રેસ ડોગીને જોયો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એટલામાં ફાસ્ટુ સસલાભાઈ __________ આવ્યા. આગળ ફાસ્ટુ સસલું અને __________ ઍક્સપ્રેસ કૂતરું. ફાસ્ટુ સસલું બહુ __________ થી દોડે __________ ઍક્સપ્રેસ કૂતરો તેને ન પકડી શક્યો. ફાસ્ટુ સસલું જંગલની __________ નીકળી ગયું.

## અભિનય કરો :

સૂચનાઓ મોટેથી વાંચો, વિદ્યાર્થીઓને તે મુજબ અભિનય કરવા કહો.

૧. લખતાં-લખતાં હસો.
૨. રડતાં-રડતાં માથું ખંજવાળો.
૩. ઝોકાં ખાતાં-ખાતાં જુઓ.
૪. હસતાં-હસતાં નાચો.
૫. ગાતાં-ગાતાં લખો.
૬. મિત્રને પકડતાં-પકડતાં ગાઓ.
૭. જમતાં-જમતાં વાંચો.
૮. વાંચતાં-વાંચતાં કૂદો.
૯. લડતાં-લડતાં રમો.
૧૦. ખાતાં-ખાતાં રડો.

## વાક્યો ધ્યાનથી વાંચો. બે વાર શબ્દ વપરાયો હોય તે જુઓ.

૧. અમે <u>દોડતાં દોડતાં</u> ગિરનાર પર્વત ઊતર્યા.
૨. હાથી <u>હાંફતાં હાંફતાં</u> કીડીબેન પાસે ગયો.
૩. ઈમરાનનો દડો <u>પડતાં પડતાં</u> પકડાઈ ગયો.
૪. અક્ષરા ટી.વી. <u>જોતાં જોતાં</u> ઊંઘી ગઈ.
૫. મોબાઈલમાં વાતો <u>કરતાં કરતાં</u> હસવું આવ્યું.
૬. નદી કિનારે <u>ફરતાં ફરતાં</u> પગ દુઃખી ગયા.

## ત્રણ-ત્રણના જૂથમાં બેસી સંવાદ બનાવો અને વર્ગમાં ભજવો. સંવાદમાં રમતાં-રમતાં, પડતાં-પડતાં, ખાતાં-ખાતાં, લખતાં-લખતાં, શીખતાં-શીખતાં જેવા શબ્દોનો ઉપયોગ કરો.


## નમૂના મુજબ શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| ખણ - ખણખણ | સણ - __________ | ટપ - __________ |
| ગણ - __________ | બણ - __________ | લખ - __________ |
| હણ - __________ | ચણ - __________ | ખટ - __________ |
| મણ - __________ | ઝણ - __________ | ત્રણ - __________ |




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચિત્ર સાથે જોડો.




૧. એક પગવાળો જીવ.




૨. મારે માથે કાળી ટોપી.



૩. હું એને જોઉં છું પણ એ મને નથી જોતો.




૪. મારે તો ઘણી આંખો, એને ખેંચીને ચાખો.



૫. સાંકડી ગલીને છેડે તળાવડી.



૬. તમારા ઉપરથી ચાલ્યું જાય, તો તમને કંઈ ન થાય એવું કયું વાહન?



૭. તેને કાપતી વખતે લોકો તાળી પાડતાં જઈ ગીત ગાય છે.



૮. સીટી એની ઘર ઘર વાગે. ખાવાનું એ ઝટપટ રાંધે.



૯. ચાર પગ હોવા છતાં ચાલી શકતું નથી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⬡ કયો શબ્દ સાચો? સાચા શબ્દ પર ◯ કરો :

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ટાયર | - | ડાયર | ઠંડી | - | ઢંડી | હોય | - | હોઈ |
| ટામર | - | ડામર | ઠાળિયું | - | ઢાળિયું | સોય | - | સોઈ |
| કકળાટ | - | કકરાટ | ઠામ | - | ઢામ | ધડધડાટ | - | ઘડઘડાટ |
| ટીલરી | - | ટીલડી | ઠાગાઠૈયા | - | ઢાગાઢૈયા | ઝળહળ | - | ઝડહડ |
| ચચરાટ | - | ચચળાટ | મઠૂલી | - | મઢૂલી | કાગળ | - | કાગર |

## ⬡ જે લખવામાં તમારે ભૂલ થતી હોય, તેવા શબ્દો ભૂલ સાથે અને ભૂલ વગર લખો :

| | ખોટો શબ્દ | સાચો શબ્દ |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |

## ⬡ મને ઓળખો.

(ઉંદર, હરણ, નાક, પતંગિયું, માછલી, પતંગ, મોબાઈલ)

૧. ઉત્તરાયણમાં મારાથી આકાશ રંગબેરંગી થઈ જાય છે. ____

૨. પાણીમાં હું તરું છું. બહાર કાઢો તો મરું છું. ____

૩. હલો... હલો કહી પડે વટ, કદમાં નાનો પણ છે દુનિયાનો ખજાનો. ____

૪. બે આંખોને રાખું અળગી. સુગંધ પારખું હું સઘળી. ____

૫. મારે રંગબેરંગી પાંખો છે. હું એક ફૂલ પરથી બીજા ફૂલ પર બેસું છું. ____

૬. ત્રણ અક્ષરનું નામ મારું. પહેલો અને બીજો અક્ષર 'હર' છે અને બીજો અને ત્રીજો અક્ષર રણ છે. ____

૭. હું ગણપતિનું વાહન છું. હું 'ચૂં... ચૂં...' કરું છું. ____

## ⬡ હસો :

**તિમિર** : જો આપણે જોવું હોય તો આંખો ખુલ્લી રાખવી જોઈએ.

**પ્રકાશ** : મને તો આંખ બંધ કરીને પણ દેખાય છે.

**તિમિર** : બને જ નહીં! શું દેખાય છે?

**પ્રકાશ** : અંધારું...!



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in